# કલોલમાં ફેક્ટરીમાં બ્લાસ્ટમાં ચારનાં મોત

**છત્રાલની** કંપનીના રિડક્શન વેસલમાં પ્રેશર વધતાં દુર્ઘટના થવાની શક્યતા



ગાંધીનગર : ગાંધીનગર જિલ્લાના કલોલ નજીક છત્રાલ GIDC ફેઝ-4માં આવેલી 'કોવિકા ડાઇઝ એન્ડ ઈન્ટરમિડીએટ્સ' નામની કાપડના રંગ બનાવતી ફેક્ટરીમાં બોયલર વેસલ ફાટવાની ગંભીર દુર્ઘટના સર્જાતાં ચાર શ્રમિકોનાં મોત નીપજ્યાં હતાં. કેમિકલ પ્લાન્ટના રિડક્શન વેસલમાં અચાનક ખામી સર્જાવા અને પ્રેશર વધી જવાને કારણે વિસ્ફોટ થયો હોવાની પ્રાથમિક વિગતો સામે આવી છે. આ દુર્ઘટનાને પગલે ઔદ્યોગિક વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આ અંગે મળતી માહિતી પ્રમાણે ગાંધીનગર જિલ્લાના કલોલ નજીક છત્રાલ GIDC ફેઝ-4માં આવેલી કાપડના રંગ બનાવતી ફેક્ટરીમાં કર્મચારીઓ કામ કરી રહ્યા હતા તે દરમિયાન રિડક્શન વેસલમાં અચાનક દબાણ વધી જતાં જોરદાર ધડાકો થયો હતો.

આ વિસ્ફોટમાં નજીકમાં કામ કરી રહેલા ચાર શ્રમિકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેમના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. આ મૃતકોમાં વિનોદકુમાર સિંહ, ટેડા દેહારી, લભણ મીણા અને સિકંદર દેહરીનો સમાવેશ થાય છે. આ મૃતકો પરપ્રાંતીય શ્રમિકો હોવાનું પણ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

### ટેક્નિકલ ખામી કે બેદરકારી? તપાસનો ધમધમાટ

આ દુર્ઘટના પાછળ ટેકનિકલ ખામી જવાબદાર હતી કે અન્ય કોઈ કારણસર વિસ્ફોટ થયો હતો તે જાણવા તપાસ શરૂ કરવામાં આવી છે. કંપની પાસે ફાયર NOC સહિતની જરૂરી મંજૂરીઓ હતી કે નહીં અને ઔદ્યોગિક સલામતીનાં નિયમોનું પાલન કરવામાં આવતું હતું કે નહીં તે અંગે પણ તપાસ જરૂરી બની છે. જોકે, મંજૂરીઓ અને સલામતી વ્યવસ્થાને લગતી વિગતોની સત્તાવાર પુષ્ટિ થવાની બાકી છે.

### તંત્રનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો

આ દુર્ઘટનાની જાણ થતાં જ પોલીસ, ફાયર બ્રિગેડ અને વહીવટી તંત્રના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. સ્થાનિક પ્રાંત અધિકારી, મામલતદાર તથા ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) ની ટીમે પણ સ્થળ પર પહોંચીને તપાસ હાથ ધરી હતી. ઘટનામાં અન્ય કોઈ વ્યક્તિ ઈજાગ્રસ્ત થઈ છે કે કેમ તે સહિતની વિગતો મેળવવાની કામગીરી કરવામાં આવી હતી.

કલોલ તાલુકાના પોલીસ સુત્રોની પ્રાથમિક માહિતી મુજબ કે છત્રાલ GIDCમાં આવેલી કોવિકા ડાઇઝ કંપનીના કેમિકલ પ્લાન્ટમાં રિડક્શન વેસલમાં ખામી સર્જાતાં અકસ્માત થયો હતો. પ્રારંભિક તપાસમાં વેસલમાં પ્રેશર વધવાને કારણે દુર્ઘટના સર્જાઈ હોવાનું જણાય છે. જોકે, અકસ્માતનું ચોક્કસ કારણ FSLની તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

## દિવાળી પહેલાં ગુજરાત STના કર્મીઓના મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો વધારો

ગાંધીનગર: દિવાળીના તહેવાર પહેલાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસ.ટી.)ના કર્મચારીઓ અને અધિકારીઓને રાહત આપતો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારે નિગમના કર્મચારીઓના મોંઘવારી ભથ્થા (ડીએ)માં બે ટકાનો વધારો મંજૂર કરતાં ભથ્થાનો દર ૫૮ ટકાથી વધારીને ૬૦ ટકા કરવામાં આવ્યો છે. વધારાના મોંઘવારી ભથ્થાના તફાવતની રકમ એટલે કે એરિયર્સની પણ ચૂકવણી કરવામાં આવશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા મંચ 'એક્સ' પર પોસ્ટ કરીને આ નિર્ણયની માહિતી આપી હતી. આ વધારાથી એસ.ટી. નિગમના કર્મચારીઓના માસિક વેતનમાં મળતા મોંઘવારી ભથ્થાની રકમમાં વધારો થશે. દિવાળીના તહેવાર પૂર્વે લેવાયેલા આ નિર્ણયથી કર્મચારીઓને વધારાની આવકનો લાભ મળવાની સાથે બાકી તફાવતની રકમ પણ પ્રાપ્ત થશે.

## ખેડા, મહીસાગર, બોટાદ અને ગીર-સોમનાથમાં સરકારી હોસ્પિટલો અપગ્રેડ થશે

**પીપીપી** ધોરણે બ્રાઉનફિલ્ડ મેડિકલ કોલેજોની સ્થાપનાને મંજૂરી; તબીબી શિક્ષણની બેઠકો વધશે

ગાંધીનગર: ગુજરાતમાં તબીબી શિક્ષણનું માળખું વિસ્તરવાની સાથે જિલ્લા સ્તરે આરોગ્ય સેવાઓને વધુ સક્ષમ બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ખેડા, મહીસાગર, બોટાદ અને ગીર-સોમનાથ જિલ્લામાં હાલની સરકારી હોસ્પિટલોને અપગ્રેડ કરીને ચાર બ્રાઉનફિલ્ડ મેડિકલ કોલેજો સ્થાપવાનો માર્ગ મોકળો થયો છે. જાહેર-ખાનગી ભાગીદારી (પીપીપી)ના ધોરણે આ કોલેજો વિકસાવવામાં આવશે, જેના પરિણામે તબીબી શિક્ષણની બેઠકોમાં વધારો થવાની સાથે ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોના દર્દીઓને પોતાના જિલ્લામાં જ આધુનિક તબીબી સારવાર ઉપલબ્ધ કરાવવાની દિશામાં નવી તકો ઊભી થશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. ચારેય જિલ્લાઓમાં મેડિકલ કોલેજ અને હોસ્પિટલ વિકસાવવા માટે અલગ-અલગ સંસ્થાઓને મંજૂરી આપવામાં આવી છે.

ખેડા જિલ્લામાં શ્રી ગયાપ્રસાદ જૈન ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા મેડિકલ કોલેજ અને




હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવશે. મહીસાગર જિલ્લામાં શ્રી સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરુકુલ, કલોલ (સ્વામિનારાયણ યુનિવર્સિટી), ગીર-સોમનાથ જિલ્લામાં શ્રી ચાણક્ય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, વેરાવળ અને બોટાદ જિલ્લામાં ડેલ્ટા મિલેનિયમ મેડિકેર પ્રાઇવેટ લિમિટેડ, ભડિયાદ (મોરબી) દ્વારા આ પ્રોજેક્ટ વિકસાવવામાં આવશે.

### નિ:શુલ્ક સારવારની સુવિધાઓ યથાવત રાખવી ફરજિયાત

આ પ્રોજેક્ટ હેઠળ મેડિકલ કોલેજો અને હોસ્પિટલોનું સંચાલન કરતી પસંદગીની સંસ્થાઓએ હાલ નાગરિકોને આપવામાં આવતી તમામ નિ:શુલ્ક આરોગ્ય સેવાઓ યથાવત રાખવાની રહેશે. સગર્ભા મહિલાઓને પ્રસૂતિ બાદની સારવાર તેમજ ૨૦ દિવસથી એક વર્ષ સુધીનાં બાળકોને સંપૂર્ણ નિ:શુલ્ક સારવાર આપવાની રહેશે. આ ઉપરાંત, ઓછામાં ઓછા ૧૦ પથારી ધરાવતું ડાયાલિસિસ એકમ કાર્યરત કરવાનું રહેશે. અકસ્માત અને ટ્રોમાના દર્દીઓને પણ તાત્કાલિક નિ:શુલ્ક સારવાર પૂરી પાડવાની શરત રાખવામાં આવી છે.

### જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં રોગી કલ્યાણ સમિતિની રચના કરાશે

દર્દીઓના હિતનું રક્ષણ કરવા અને આરોગ્ય સેવાઓનું સુચારુ સંચાલન સુનિશ્ચિત કરવા સંબંધિત જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં રોગી કલ્યાણ સમિતિની રચના કરવામાં આવશે. આ સમિતિ દર્દીલક્ષી સેવાઓના આયોજન અને અમલીકરણમાં ભૂમિકા ભજવશે. ચારેય મેડિકલ કોલેજોના પ્રોજેક્ટથી સ્થાનિક સ્તરે તબીબી શિક્ષણની તકો વધવાની સાથે નિષ્ણાત તબીબોની ઉપલબ્ધતા અને આધુનિક સારવાર સેવાઓને વેગ મળવાની અપેક્ષા છે. રાજ્યના નાગરિકોને પોતાના જ જિલ્લામાં આધુનિક ટેકનોલોજીથી સજ્જ તબીબી સારવાર મળી રહે અને સરકારી હોસ્પિટલોમાં નિષ્ણાત તબીબોની ઉપલબ્ધતા વધે તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે, તેમ આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું.

## આજે અમિત શાહ માણસામાં કુળદેવી બહુચર માતાની આરતીમાં જોડાશે

**રૂપાલમાં** ૮૧ ફૂટ ઊંચી શિવ પ્રતિમાના શિલાન્યાસથી કોલવડાના ગરબા મહોત્સવ સુધીના કાર્યક્રમોમાં ઉપસ્થિતિ

ગાંધીનગર: વતન માણસા સાથેની આત્મીયતા અને કુળદેવી મા બહુચર પ્રત્યેની શ્રદ્ધાની પરંપરા જાળવી રાખતા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આવતીકાલે, ૧૬ ઑક્ટોબરે, માણસા ખાતે બહુચર માતાજીના મંદિરે દર્શન અને આરતીમાં સહભાગી બનશે. માણસા અમિત શાહનું પૈતૃક વતન છે અને તેઓ નવરાત્રિ દરમિયાન દર વર્ષે પરિવાર સાથે અહીં આવી કુળદેવીનાં દર્શન-પૂજન કરતા રહ્યા છે. આ વખતે પણ તેઓ સાંજે ૭:૧૫ કલાકે બહુચર માતાજીના મંદિરે આરતીમાં જોડાશે.

અમિત શાહના ગાંધીનગર લોકસભા ક્ષેત્રના પ્રવાસ દરમિયાન ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોની શ્રેણી યોજાશે. તેઓ બપોરે ૨:૪૫ કલાકે અમદાવાદના સેટેલાઇટ સ્થિત પ્રેરણા તીર્થ દેરાસર ખાતે ગચ્છાધિપતિ પ.પૂ. નરરત્ન સૂરીશ્વરજી મહારાજ સાહેબનાં દર્શન કરશે. ત્યારબાદ બપોરે ૩:૧૫ કલાકે પાલડીના શ્રી વિશ્વનંદીકર જૈન સંઘ ખાતે ગચ્છાધિપતિ પ.પૂ. ઉદયરત્ન સૂરીશ્વરજી મહારાજ સાહેબનાં દર્શન કરશે. સાંજે ૫:૪૫ કલાકે તેઓ ગાંધીનગર જિલ્લાના રૂપાલ સ્થિત વિશ્વપ્રસિદ્ધ વરદાયિની માતા મંદિર ખાતે દર્શન-પૂજન કરશે અને ભગવાન શિવની ૮૧ ફૂટ ઊંચી પ્રતિમાના શિલાન્યાસ કાર્યક્રમમાં સહભાગી બનશે. ત્યારબાદ માણસામાં કુળદેવી બહુચર માતાજીની આરતીમાં જોડાઈને રાત્રે ૯:૧૫ કલાકે કોલવડા ખાતે શ્રી રામજી મંદિર પાસે નવરાત્રિ યુવક મંડળ દ્વારા આયોજિત ગરબા મહોત્સવમાં ઉપસ્થિત રહેશે. આમ, અમિત શાહનો આવતીકાલનો પ્રવાસ એક તરફ જૈન ધર્મગુરુઓનાં દર્શન અને રૂપાલના ધાર્મિક કાર્યક્રમોને આવરી લેશે, તો બીજી તરફ માણસામાં કુળદેવીનાં દર્શન દ્વારા વતન સાથેની તેમની પરંપરાગત ધાર્મિક નિકટતાને પણ કેન્દ્રસ્થાને રાખશે.

## GSOSની ધો-10, 12ની પરીક્ષા: રજિસ્ટ્રેશનની મુદત 17 ઓક્ટોબર સુધી લંબાવાઈ

ગાંધીનગર: ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ (GSOS) મારફતે ધોરણ-10 તથા ધોરણ-12 સામાન્ય પ્રવાહની નવેમ્બર-ડિસેમ્બર 2026માં યોજાનારી ખાસ પરીક્ષા માટે ઓનલાઇન રજિસ્ટ્રેશન કરવાની મુદત લંબાવવામાં આવી છે. અગાઉ રજિસ્ટ્રેશન કરવાની અંતિમ તારીખ 15 ઓક્ટોબર 2026 નક્કી કરવામાં આવી હતી, જેને વધારીને હવે 17 ઓક્ટોબર 2026ના રોજ રાત્રે 12 વાગ્યા સુધી કરવામાં આવી છે. શિક્ષણ બોર્ડના સુત્રોના જણાવ્યા પ્રમાણે GSOS મારફતે ધોરણ-10 અને ધોરણ-12 સામાન્ય પ્રવાહની પરીક્ષા આપવા ઈચ્છતા વિદ્યાર્થીઓ આ વધારેલી સમયમર્યાદામાં પોતાના આવેદનપત્રો ભરી શકશે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ખાતે નોંધાયેલી તમામ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ મારફતે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા હાથ ધરી શકાશે. વિદ્યાર્થીઓએ ઓનલાઇન રજિસ્ટ્રેશન માટે બોર્ડની સત્તાવાર વેબસાઇટ www.gseb.orgની મુલાકાત લેવાની રહેશે. તમામ વિદ્યાર્થીઓનાં આવેદનપત્રો ફરજિયાત ઓનલાઇન ભરવાનાં રહેશે. રજિસ્ટ્રેશન પ્રક્રિયા સંબંધિત જરૂરી સૂચનાઓ પણ બોર્ડની વેબસાઇટ પર મુકવામાં આવશે.

## સુરતથી મુંબઈ-વડોદરા રૂટ પર ટ્રેનોની સુરક્ષા વધશે, 'કવચ' લગાવવાનું કામ પૂર્ણ

**વિરાર**-સુરત સેક્શનમાં 206 અને સુરત-વડોદરા સેક્શનમાં 130 રૂટ કિમી પર સિસ્ટમ ચાલુ

**ઉધના**-જલગાંવ રૂટ પર પણ કવચ લગાવવાનું કામ આગળ વધ્યું

સુરત: દિવાળી અને છઠ પૂજા દરમિયાન સુરતથી ઉત્તર પ્રદેશ અને બિહાર જતી ટ્રેનોમાં મુસાફરોની ભીડ વધવા વચ્ચે રેલવેએ ટ્રેન પરિવહનને સુરક્ષિત બનાવવા માટે સ્વદેશી ટેકનિક 'કવચ'ના વિસ્તરણ પર કામ તેજ કરી દીધું છે. પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલ, વડોદરા, અમદાવાદ અને રતલામ સર્કલોના મુખ્ય રેલમાર્ગો પર આ ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન (ATP) સિસ્ટમ લગાવવાની યોજના છે. આનાથી સુરતથી મુંબઈ અને વડોદરા તરફ આવતી-જતી ટ્રેનોની સુરક્ષા વ્યવસ્થા પણ મજબૂત બનશે. પશ્ચિમ રેલવે અનુસાર, અત્યાર સુધીમાં 738 રૂટ કિલોમીટરથી વધુ રેલમાર્ગ પર કવચ સિસ્ટમ ચાલુ કરવામાં આવી છે. જેમાં વિરાર-સુરત સેક્શનના 206 રૂટ કિલોમીટર અને સુરત-વડોદરા સેક્શનના 130 રૂટ કિલોમીટરનો સમાવેશ થાય છે. એટલે કે સુરતથી મુંબઈ અને વડોદરા તરફ જતાં મુખ્ય રેલ રૂટો પર આ ટેકનિકનું કવરેજ પહેલેથી જ શરૂ થઈ ગયું છે.

### સિગ્નલ પાર કરવા પર મળશે સુરક્ષા

કવચ ટ્રેનની ગતિ અને સિગ્નલની સ્થિતિ પર નજર રાખે છે. નિર્ધારિત પરિસ્થિતિમાં લોકો પાયલટ સમયસર કાર્યવાહી ન કરે તો આ સિસ્ટમ આપોઆપ બ્રેક લગાવી શકે છે. તેનો હેતુ સિગ્નલની અવગણના અને નિર્ધારિત ગતિથી વધુ ઝડપ જેવી પરિસ્થિતિઓમાં અકસ્માતની શક્યતા ઘટાડવાનો છે.

### ઉધના-જલગાંવ રૂટ પણ યોજનામાં સામેલ

સુરત ક્ષેત્ર માટે મહત્વના ઉધના-જલગાંવ રેલ રૂટ પર પણ કવચ લગાવવાનું કામ અમલીકરણના વિવિધ તબક્કામાં છે. આ સેક્શન 307 રૂટ કિલોમીટરનો છે. પશ્ચિમ રેલવેના 5,610 રૂટ કિલોમીટરના બ્રોડગેજ નેટવર્કમાંથી કુલ 5,228 રૂટ કિલોમીટર પર કવચ લગાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. નાણાંકીય વર્ષ 2026-27 માં લગભગ 610 રૂટ કિલોમીટર કવચ નેટવર્ક ઉમેરવાની યોજના છે. મુંબઈ સેન્ટ્રલ-વિરાર સહિત અનેક અન્ય રેલ રૂટો પણ તેમાં સામેલ છે. બાકીના પ્રોજેક્ટ્સ પર સ્થાપના, પરીક્ષણ અને લોકોમોટિવ ટ્રાયલની પ્રક્રિયા આગળ વધારવામાં આવી રહી છે.

## નવરાત્રિ પર્વમાં ગુજરાત ગરમીથી શેકાયું

**૨૧થી** ૨૬ ઓક્ટોબર દરમિયાન દરિયાઈ હવામાન પ્રણાલી વિકસવાની શક્યતા

અમદાવાદ : નવરાત્રીના ઉત્સવમાં ગુજરાત ગરમીના આકરા મિજાજનો સામનો કરી રહ્યું છે. રાજ્યમાં ચોમાસાની વિદાયની પ્રક્રિયા વચ્ચે મહત્તમ તાપમાનનો પારો અનેક શહેરોમાં ૩૭થી ૪૦ ડિ.સે.ની આસપાસ પહોંચતાં દિવસ દરમિયાન ગરમીનો અનુભવ તીવ્ર બન્યો છે. નવરાત્રીના ઉત્સવ વચ્ચે ગુજરાતમાં ગરમીએ માઝા મૂકી છે. હવામાન વિભાગના સત્તાવાર આંકડા મુજબ, ડીસામાં ૪૦.૨ ડિ.સે. મહત્તમ તાપમાન નોંધાતાં તે રાજ્યનું સૌથી ગરમ સ્થળ બન્યું હતું. દિવસ દરમિયાન ઊંચા તાપમાનને કારણે ગરમીનો અનુભવ તીવ્ર બન્યો છે, જેના પગલે નવરાત્રીમાં ગરબા રમવા નીકળતા ખેલૈયાઓને પણ ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે.

હવામાન વિભાગના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, ભુજમાં ૪૦.૦ ડિ.સે., નલિયામાં ૩૮.૬ ડિ.સે., કંડલામાં ૩૮.૬ ડિ.સે., કંડલા એરપોર્ટ પર ૩૮.૬ ડિ.સે., અમરેલીમાં ૩૭.૭ ડિ.સે., ભાવનગરમાં ૩૭.૦ ડિ.સે., રાજકોટમાં ૩૯.૫ ડિ.સે., સુરેન્દ્રનગરમાં ૩૯.૩ ડિ.સે., મહુવામાં ૩૬.૬ ડિ.સે., કેશોદમાં ૩૮.૬ ડિ.સે., અમદાવાદમાં ૩૮.૨ ડિ.સે., ગાંધીનગરમાં ૩૬.૨ ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં ૩૭.૧ ડિ.સે., વડોદરામાં ૩૭.૬ ડિ.સે., સુરતમાં ૩૭.૫ ડિ.સે. અને દમણમાં ૩૬.૨ ડિ.સે. મહત્તમ તાપમાન નોંધાયું હતું. રાજ્યમાં ગરમી વધી જતાં નવરાત્રીના ગરબા અને રાસના આયોજનો વચ્ચે ખેલૈયાઓને ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ગુજરાત પ્રદેશ તેમજ સૌરાષ્ટ્ર-કચ્છમાં હવામાન શુષ્ક રહ્યું હતું. સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર વધારો થયો હતો. ગુજરાત પ્રદેશના કેટલાક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં ઊંચું, જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક ભાગોમાં સામાન્ય કરતાં નોંધપાત્ર ઊંચું રહ્યું હતું. અમદાવાદમાં આગામી દિવસ માટે મહત્તમ તાપમાન ૩૯ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૭ ડિ.સે. રહેવાની શક્યતા દર્શાવવામાં આવી છે. એટલે નવરાત્રીના ઉત્સવ દરમિયાન દિવસની ગરમીથી તાત્કાલિક રાહત મળવાના સંકેતો મર્યાદિત છે.

### અરબી સમુદ્રમાં ચક્રવાતની અટકળો

ગુજરાતમાં ગરમી વચ્ચે અરબી સમુદ્ર અને બંગાળની ખાડીના હવામાન પર પણ નજર રાખવામાં આવી રહી છે. ઉપલબ્ધ હવામાન વિશ્લેષણમાં ૨૧થી ૨૬ ઓક્ટોબર દરમિયાન દક્ષિણ-મધ્ય બંગાળની ખાડીમાં નીચા દબાણનું ક્ષેત્ર અથવા ડિપ્રેશન સર્જાવાની શક્યતા દર્શાવવામાં આવી છે. દક્ષિણ-પૂર્વ અરબી સમુદ્રમાં પણ હવામાન પ્રણાલી અથવા નીચા દબાણની સ્થિતિ વિકસવાની સંભાવનાનો ઉલ્લેખ છે. જોકે, આ પ્રારંભિક સંભાવનાઓના આધારે ચક્રવાત સર્જાશે કે તે ગુજરાત તરફ આગળ વધશે એવો નિષ્કર્ષ કાઢી શકાય તેમ નથી. કેટલાક હવામાન મોડલ આધારિત અહેવાલોમાં ૨૬ ઓક્ટોબરની આસપાસ મુંબઈ, પુણે અને રત્નાગિરિ સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ અને પવનની શક્યતા અંગે ચર્ચા થઈ રહી છે. પરંતુ આવી લાંબા ગાળાની આગાહીઓમાં ફેરફાર થઈ શકે છે. ગુજરાતમાં ચક્રવાતની અસર થશે કે નહીં, તેની દિશા અને તીવ્રતા અંગે સત્તાવાર હવામાન વિભાગની નવીનતમ આગાહી અને ચેતવણીઓ નિર્ણાયક રહેશે.

### ખેલૈયાઓ માટે ગરમી પડકારરૂપ

નવરાત્રી દરમિયાન સાંજના સમયે ગરબા રમવા માટે મોટી સંખ્યામાં લોકો બહાર નીકળતા હોવાથી ઊંચું તાપમાન અને ગરમ હવામાન અસ્વસ્થતા વધારી શકે છે. ડીસા, ભુજ, રાજકોટ અને સુરેન્દ્રનગર જેવા વિસ્તારોમાં નોંધાયેલા ઊંચા તાપમાન વચ્ચે ગરબા આયોજનોમાં પીવાના પાણી અને પૂરતી હવા-ઉજાસની વ્યવસ્થા ઉપયોગી બની શકે છે. બીજી તરફ, અરબી સમુદ્રમાં હવામાન પ્રણાલીની સંભાવના પર નજર રાખવાની જરૂર છે, પરંતુ હાલના આંકડાઓને આધારે ગુજરાતમાં ચક્રવાત ત્રાટકવાની આગાહી કરવી વહેલી ગણાશે. આમ, એક તરફ નવરાત્રીમાં ગુજરાત ગરમીના પ્રકોપનો સામનો કરી રહ્યું છે, તો બીજી તરફ દરિયાઈ હવામાન પ્રણાલીઓની સંભાવનાને પગલે આગામી દિવસોના હવામાન અંગે ઉત્સુકતા વધી છે. ગરમીમાં રાહત મળશે કે નહીં અને દરિયાઈ પ્રણાલી વધુ મજબૂત બનશે કે નહીં, તે અંગે આગામી સત્તાવાર આગાહીઓ મહત્વની રહેશે.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**પેટ ફૂલી જાય**

બરોળ, યકૃત કે વાયુના કારણે પેટ ફૂલી જાય તો અર્ક લવણ બે ગ્રામ, સવારે અને સાંજે ગરમ પાણીમાં આપવું.

### સુડોકુ 'ક્રુપ્ટ' કડક

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | | | ૭ | ૧ | | |
| | | ૪ | | ૯ | | ૩ | | ૮ |
| ૬ | ૧ | | | ૮ | | ૭ | | |
| ૭ | ૮ | ૫ | | ૨ | | ૯ | ૪ | |
| | ૨ | ૧ | | ૫ | ૪ | | ૮ | |
| ૪ | | | | | ૮ | | ૭ | ૨ |
| | | | ૮ | ૭ | | ૪ | | |
| ૮ | ૪ | | ૫ | | ૯ | | | |
| | | | | ૪ | | ૮ | ૫ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### શબ્દગુંફન - ૭૨૭૧

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૨. ગુમાસ્તો, મુનીમ (૪)
૬. લેપ કરવો તે (૩)
૭. દયાવાળું (૪)
૯. કૃપા દાખવવાપણું (૫)
૧૧. દોસ્ત, આશક (૨)
૧૩. નિષેધ, મનાઈ (૨)
૧૪. થોડા મત હોવા કે ધરાવવા (૪)
૧૭. નાણું (૨)
૧૮. મીટ, અનિમેષ નજર (૨)
૨૦. પ્રીત, સ્નેહ (૨)
૨૨. દિલ ઊંચુ થવું તે (૪)
૨૪. દસેક કિલોમીટરનું અંતર (૩)
૨૬. એક સ્થળે લાંબો વખત થોભવું (૩)
૨૭. પાણી પીવાની ઈચ્છા (૩)
૨૯. દુ:ખ (૩)
૩૧. આલાપ, ધૂન, મસ્તી (૨)
૩૨. પ્રાણીઓના ખેલનો તમાશો (૪)
૩૫. કાપડ વગેરેના નાના-નાના ટુકડા (૪)
૩૬. રસ્તો, ઉપાય (૩)

**ઊભી ચાવી**

૧. ટાઢિયો તાવ (૪)
૨. વાંદરું, કપિ (૩)
૩. જુસ્સો, અધીરાઈ (૫)
૪. ઈશ્વરની મનાતી એક અનાદિ શક્તિ, સ્નેહ (૨)
૫. અભિપ્રાય (૨)
૭. મુદ્દાસર ઉઠાવેલી તકરારની રજૂઆત (૩)
૮. ઘા ઉપર લગાવાતું ઔષધ (૩)
૧૦. સોનું (૨)
૧૨. રૂપાનું, રૂપું (૩)
૧૫. ઘુઘાટ, ઘૂઘવવું તે (૪)
૧૬. એક જંતુ (૨)
૧૯. વહેમ (૨)
૨૦. નવાઈ (૩)
૨૧. દિવસ, હંમેશ (૨)
૨૩. ટગરટગર (૪)
૨૪. ઉછાળો, જુસ્સો (૨)
૨૫. નવું (૩)
૨૮. બનાવેલું, રચેલું (૩)
૩૦. ખામી, ઘટ, ખોટ (૩)
૩૧. તંગી, અછત (૨)
૩૩. નસ, વલણ (૨)
૩૪. દિવાની જ્યોત (૨)

## મુખ્યમંત્રીની CMOમાં ચોથા માળે સરપ્રાઈઝ વિઝિટથી તંત્રમાં દોડધામ

**મહેસૂલ** અને શહેરી વિકાસની કામગીરીનું નિરીક્ષણ

**ફાઇલો** મુખ્યમંત્રી સમક્ષ મૂકવામાં થતા વિલંબની તપાસ થયાની ચર્ચા

ગાંધીનગર: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુરુવારે બપોરે સચિવાલયના સ્વર્ણિમ સંકુલ-૧ ખાતે મુખ્યમંત્રી કાર્યાલય (CMO) સાથે સંકળાયેલી કચેરીઓની અચાનક મુલાકાત લઈને વહીવટી તંત્રને ચોંકાવી દીધું હતું. ચોથા માળે આવેલી મહેસૂલ અને શહેરી વિકાસ વિભાગની કામગીરી સાથે સંકળાયેલી શાખાઓમાં પહોંચેલા મુખ્યમંત્રીએ અધિકારીઓ પાસેથી કામકાજની વિગતો મેળવી હતી. ખાસ કરીને વિવિધ વિભાગોમાંથી આવતી ફાઈલો મુખ્યમંત્રી સમક્ષ રજૂ થવામાં કેટલો સમય લાગે છે અને તેમાં વિલંબ શા માટે થાય છે, તે મુદ્દે તપાસ કરવામાં આવી હોવાની ચર્ચાએ વહીવટી વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી છે.

મુખ્યમંત્રીની આ મુલાકાત દરમિયાન વરિષ્ઠ અધિકારીઓ સાથે પણ ચર્ચા થઈ હતી. આશરે ૨૦ મિનિટ સુધી ચાલેલી આ મુલાકાતમાં તેમણે કચેરીઓની કામગીરી અને વહીવટી વ્યવસ્થાની સ્થિતિની સીધી માહિતી મેળવી હતી.

ભાજપના સાંસદો અને ધારાસભ્યો તરફથી પણ વિવિધ વિભાગોની દરખાસ્તો મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરવામાં વિલંબ થતો હોવાની રજૂઆતો થઈ હોવાનું જાણવા મળે છે. જોકે, આ મુલાકાત અંગે મુખ્યમંત્રી કાર્યાલય તરફથી કોઈ ચોક્કસ કારણ કે સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવી નથી.અચાનક થયેલી આ મુલાકાતને પગલે સચિવાલયના વહીવટી વર્તુળોમાં હલચલ જોવા મળી હતી. મુખ્યમંત્રીની સાથે વરિષ્ઠ અધિકારીઓ પણ જોડાયા હતા. ફાઈલોની હિલચાલ, નિર્ણય પ્રક્રિયામાં લાગતો સમય અને સરકારી કામગીરીની ઝડપ અંગે મુખ્યમંત્રીની આ મુલાકાતને મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

### આજનું પંચાંગ

**તા. 16/10/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** આસો
**તિથિ:** સુદ: છઠ: 29:55
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આસો-24
**યોગ :**શોભન **કરણ:** કૌવલ
**રાશી :** વૃશ્ચિક (ન,ય) 06:49 પછી ધન (ભ,ધ,ફ,ઢ)
**નક્ષત્ર :** જ્યેષ્ઠા: 06:49 સુધી જન્મેલાની જ્યેષ્ઠા અને તે પછી જન્મેલાની મૂળની શાંતિ કરાવવી
**દિવસ :** સામાન્ય-સરસ્વતિ આવાહન 06:49 પછી- પ્લુટો માર્ગી: 08:12
**સુરતમાં સૂર્યોદય :** 06:34 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:13
**નવકારસી :** 07:24
**પારસી વર્ષ :** 1396 ખોરદાદ માસનો 03જો રોજ
**મુસલમાન વર્ષ :**1448 જમાઉદીઉલ અવલ માસનો 04થો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ,
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ :** સવારે: 10:30 થી 12:00 સુધી

### આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** ઘરમાં ધાર્મિક વાતાવરણ અને પ્રવૃત્તિ વધશે. દેવ દર્શન કે યાત્રા થાય. નોકરી ધંધામાં સામાન્ય રહે.

**વૃષભ (બ,વ,ઉ,):** ખર્ચ પર કાબૂ રાખવો અઘરો રહેશે. આરોગ્યના ખર્ચા વધશે. અચાનક ઉઘરાણી આવી શકે છે. ધર્મ કર્મ થાય.

**મિથુન (ક,છ,ઘ,):** વેપાર-ધંધામાં નવી યોજના બને. ભાગીદારીમા લાભ થાય. કૌટુંબિક ધાર્મિક પ્રસંગમાં જવાનું બને.

**કર્ક (ડ,હ,):** આરામ કરવાનું મન થાય. શરીરમાં થાક અને મનમાં ગુપ્ત ભય રહે. આર્થિક બાબતે ધીરજથી નિર્ણય લેવા ખર્ચા વધે.

**સિંહ (મ,ટ,):** સંતાનોના કામ થાય. નવા રોકાણ થાય. પરીક્ષામાં હકારાત્મક રહે. મિત્રો સાથે સામાજિક-ધાર્મિક પ્રવૃત્તિ થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** પરિવારમાં તાલમેળથી નવા કામ-ધંધાની યોજના બને. નોકરીમાં ઉપરી વર્ગનો સાથ મળે. દેવદર્શનથી શાંતિ.

**તુલા (ર,ત,):** સાહસ અને આત્મવિશ્વાસથી કઠિન કામ પૂર્ણ થાય. નોકરી-ધંધાર્થે પ્રવાસ થાય. તીર્થયાત્રા થઇ શકે છે.

**વૃશ્ચિક (ન,ય,):** વાણી-બુદ્ધિ કુશળતાનો પ્રભાવ કાર્યસ્થળ પર જોવા મળશે. અચાનક શુભ સમાચાર મળે. આવક વધે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** નવા વિચારો કાર્ય સ્થળને ઉત્સાહિત કરશે. પ્રેમમાં સાથ મળે. ધાર્મિક પ્રવાસ થાય. આવક વધશે.

**મકર (ખ,જ,):** ધાર્મિક યાત્રા થાય. સમાજ સેવાથી માન વધે. કોર્ટ કચેરીમાં મદદ મળે. વિશ્વાસઘાતથી સાવધાન રહેવું.

**કુંભ (ગ,સ,શ,ષ,):** પ્રેમમાં ભૂલો કાઢવાનું ટાળવું. અભ્યાસમાં નવું શિખવા મળે. નોકરીમાં પ્રગતિ થાય. આવક વધારવાની તક મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** સહકર્મીઓ સાથે પ્રોજેક્ટમાં કામ કરવાનો લાભ મળે. નવુ શિખવા મળે. વેપારમાં આવક વધશે.

### કોઈ પણ સાલમાં 16 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી ધંધામાં ટેકનોલોજી અને સરકારી નીતિઓ પ્રમાણે કામ કરવાથી નવુ શિખવાની સાથે દોડધામ, જવાબદારી અને માનસિક અશાંતિનો અનુભવ વધશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિથી રાહત થાય. સમાજ જીવનમાં યસ મળે. પરિવાર સાથે આવક વધારવાની યોજનામાં પ્રગતિ થાય. સંતાનોના અભ્યાસ- કેરીયરમાં પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડશે. વિદેશના કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવશે. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણી આવી શકે છે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. વારસા, જાયદાત જમીન જેવો કામમાં વડીલો મિત્રોનો સાથ મળે. પ્રેમ-વિવાહ થઈ શકે. ઉંમર લાયકના વિવાહ થાય. સ્ત્રી વર્ગને માનસિક આરોગ્યની સમસ્યા સતાવે. યાત્રા-પ્રવાસ- ધર્મ-કર્મ થાય. જુન-જુલાઈમાં સોમ-ગુરુવારે 07,16, 25 તારીખે નવા કામ કરવા. ગુલાબી- સફેદ રંગનો ઉપયોગ વધારવો. ઓગસ્ટ- સપ્ટેમ્બરમાં બુધ-શુક્રવારે 05,14,23 તારીખે નવા કામ ટાળવાં. લીલો- લાલ-રંગ ઓછો વાપરવો. ચંદ્ર અને કેતુના ઉપાય કરતા રહેવું.